માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની નિવૃતિ
સમયે રજાનું રોકડમાં રૂપાંતર બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:બમશ/૧૧૨૦૧૩/૬૮ /ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨/૧૧/૨૦૧૩..

વંચાણે લીધા:

૧. નાણા વિભાગના તારીખ: ૧૬/૭/૧૯૯૯ના ઠરાવક્રમાંક: એલઇવી/ ૧૦૨૪/પી.

૨. નાણા વિભાગના તારીખ: ૨૧/૪/૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક: જીએન- ૧૪/આરજેજી/૨૦૦૬/યુ.ઓ.-૪૪/પી.

૩. નાણા વિભાગના તારીખ: ૧૫/૧/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: પીઇઆર/૧૦૦૯/૧૬/ પે સેલ.(મ)

૪. નાણા વિભાગના તારીખ: ૩/૧૦/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૦૯/૭૫(પાર્ટ-૧) /પે સેલ(પી)

૫. શિક્ષણ વિભાગના તારીખ: ૨૬/૩/૨૦૧૩ના પરિપત્ર ક્રમાંક: બમશ/ ૧૧૨૦૧૩/૬૮/ગ.

આમુખ:-

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને નિવૃતિ સમયે તેઓના ખાતે જમા રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવા બાબતે બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષક સંઘ અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવેલ રજુઆતોને અનુલક્ષીને આમુખમાં વંચાણે લીધેલ ક્રમ(૫)ના શિક્ષણ વિભાગના તારીખ:૨૬/૩/૨૦૧૩ના પરિપત્રથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે આમ છતાં આ પરિપત્રના અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થતાં ઉદાહરણ રૂપે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

**સ્પષ્ટતા :-**

રજાના રોકડમાં રૂપાંતર સમયે પ્રાપ્ત રજાની તથા જમા અર્ધપગારી રજાના અડધા ભાગની રજાઓની ગણતરી નીચે દર્શાવેલ ઉદાહરણ મુજબ કરવાની રહેશે.

આચાર્ય /શિક્ષકનો નિવૃતિ સમયનો મૂળ પગાર (ગ્રેડ પે સહિત) રૂ.૨૪૦૦૦/- હોય મોઘવારી ભથ્થુ ૯૦% હોય અને નિવૃતિ સમયે ૫૦ પ્રાપ્ત રજા અને ૫૦૦ અર્ધપગારી રજા જમા હોય તો,

| | | |
|---|---|---|
| પ્રાપ્ત રજાનું ચુકવણુ:- | મૂળ પગાર | રૂ.૨૪,૦૦૦/- |
| | મોઘવારી ભથ્થું | રૂ. ૨૧,૬૦૦/- |
| | કુલ | રૂ.૪૫૬૦૦ ÷ ૩૦= ૧૫૨૦×૫૦=<br>રૂ. ૭૬,૦૦૦/- |
| અર્ધપગારીરજાનું ચુકવણુ | મૂળ પગાર | રૂ. ૨૪,૦૦૦/- |
| | મોઘવારી ભથ્થું | રૂ. ૨૧,૬૦૦/- |
| | કુલ | રૂ.૪૫૬૦૦ ÷ ૩૦= ૧૫૨૦×૨૫૦( ૫૦૦ રજાના અડધા ભાગની)= રૂ. ૩,૮૦,૦૦૦/- |

આ સ્પષ્ટતા આ વિભાગની સમાંનાંકી ફાઇલ પર નાણા વિભાગની તારીખ: ૧/૧૧/૨૦૧૩ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિલેશ ત્રિવેદી)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(નાણા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.(સંદર્ભીત હુકમો,ઠરાવો સહિત.)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય આચાર્ય સંઘ,ગુજરાત રાજય.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ ગુજરાત રાજય.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ ગુજરાત રાજય.
- કોમ્પ્યુટર ઇન્ચાર્જ , કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, (ઓન લાઇન મૂકવા સારૂ)
- નાયબ સેકશન અધિકારીશ્રીની સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ.